# BUSINESS મિત્ર

### ક્રૂડ ઘટતાં બજાર ઉછળ્યું, આઈટી સેક્ટરમાં સુધારો: રોકાણકારોએ રૂ. 3 લાખ કરોડની કમાણી કરી

# શેરબજારમાં રિકવરી: સેન્સેક્સ-નિફ્ટી ગ્રીન ઝોનમાં

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા.22:** વૈશ્વિક ભૌગોલિક રાજકીય તણાવ ઘટવાના કારણે ક્રુડ ઓઈલના ભાવ ઘટતા અને એશિયન બજારોમાં સુધારાની ચાલથી ભારતીય શેરબજાર પોઝિટિવ ખુલ્યું હતું. જેના લીધે સેન્સેક્સ-નિફ્ટીએ રીકવર કરવાનો પ્રયાસ કર્યો હતો. બ્રોડર માર્કેટમાં પણ સારી ચમક જોવા મળી હતી. જેથી રોકાણકારોએ રૂ. 3 લાખ કરોડની કમાણી કરી હતી.

સેકટર વાઈઝ જોઈએ તો એફએમસીજી અને કન્ઝયુમર ડયુરેબલ્સ સિવાયના દરેક સેકટર સુધારા સાથે બંધ રહ્યા હતા. આજે સૌથી વધુ આઈટી સેકટરનો ટેકો મળ્યો હતો, જોકે, ગત સપ્તાહમાં જે રીતે કડાકો બોલાયો હતો, તેટલો પણ રીકવર થતો જોવા મળ્યો નથી.

બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 3 લાખ કરોડ વધીને રૂ. 480 લાખ કરોડ પર પહોંચી છે.

બીએસઈ સેન્સેક્સ 291.17 પોઈન્ટ એટલે કે 0.38 ટકા વધીને 77094.07 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77325 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77008 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 24100ની ઉપર બંધ રહેવામાં સફળ થયો હતો. આજે નિફ્ટી 89.80 પોઈન્ટ એટલે કે 0.37 ટકા વધીને 24102.90 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24168 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24073 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 249.85 પોઈન્ટ એટલે કે 0.43 ટકા વધીને 57935.60 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે કલીન સાયન્સમાં 14.82 ગણા, ક્લિલોસ્કર બ્રધર્સમાં 9.14 ગણા, પિરામલ ફાઈ.માં 5.43 ગણા, ક્લિલોસ્કર ઓઈલમાં 4.3 ગણા અને ગોદરેજ પ્રોપર્ટીઝમાં 4.2 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે કલીન સાયન્સીસમાં 28.38 ગણા, સ્વાન કોર્પમાં 8.15 ગણા, ક્લિલોસ્કર ઓઈલમાં 6.42 ગણા, અર્બન કંપનીમાં 5.72 ગણા, ડિલ્હીવલરીમાં 4.56 ગમા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.43 ટકા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.76 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઈ ખાતે 2634 શેરો વધ્યા હતા, જ્યારે 1757 શેરો ઘટ્યા હતા અ 206 શેરો યથાવત રહ્યા હતા.

અમેરિકા અને ઈરાન વચ્ચેની વાર્તા ચાલુ રહેતા ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડો થયો હતો અને 80 ડોલરની નીચે સરકી ગયો હતો.

નિફ્ટી મીડિયા ઈન્ડેક્સ 1.42 ટકા વધ્યો હતો. જેમાં પીવીઆર આઈનોક્સ, સારેગામા ઈન્ડિયા, ઝી એન્ટર, નઝારા ટેકનો, સન ટીવી નેટવર્ક, નેટવર્ક 18 મીડિયા અને હેથવે કેબલ વધ્યા હતા. બીજી તરફ, પ્રાઈમ ફોકસ, ડીબી કોર્પ અને ટીપ્સ મ્યુઝીક ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુકેના પ્રધાનમંત્રી કીર સ્ટારમર તેમની વિદાય માટે સમયપત્રકની રૂપરેખા આપશે તેવી વધતી અટકળો વચ્ચે યુરોપિયન બજારો લાલ નિશાનમાં વેપાર કરતા હતા, જોકે, યુએસ અને ઈરાની અધિકારીઓ 60 દિવસની અંદર અંતિમ સોદા પર પહોંચવા માટે રોડમેપ પર સંમત થયા છે. જેના લીધે એશિયન બજારોમાં તેજીની હલચલ જવા મળી હતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.39 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.46 ટકા અને ડેક્સ 0.01 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.71 ટકા, સ્ટ્રેઈટસ 0.22 ટકા, તાઈવાન 2.67 ટકા, કોસ્પી 0.68 ટકા અને શાંઘાઈ 1.74 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે જકાર્તા 0.99 ટકા અને હેંગસેંગ 0.58 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### ડોલરમાં 34 પૈસાનો વધારો

ક્રુડ ઓઇલમાં ભાવ ઘટાડા છતાં પણ આજે ડોલરમાં સુધારો જોવાયો હતો. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 34 પૈસા તુટીને 94.68ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 108.82, પાઉન્ડ 124.57, કેનેડિયન ડોલર 66.67, ઓસ્ટ્રેલિયન ડોલર 66.27, જાપાનીઝ યેન 0.5855 અને સીંગાપોર ડોલર 73.39ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 94.68 રૂ. |
| યુરો | 108.82 રૂ. |
| પાઉન્ડ | 124.47 રૂ. |
| યેન | 0.5855 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 291.17 | 77094.07 |
| નિફ્ટી | 89.80 | 24102.90 |
| બેન્ક નિફ્ટી | 249.85 | 57935.60 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સીપલા | 4.73 | 1415.70 |
| ટેક મહિન્દ્રા | 1.82 | 1435.20 |
| ડો. રેડ્ડીઝ લેબ | 1.46 | 1290.70 |
| સન ફાર્મા | 1.34 | 1862.90 |
| ઇન્ફોસીસ | 1.33 | 1065.40 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એશિયન પેઇન્ટસ | 2.16 | 2674.00 |
| ટાઇટન કંપની | 1.07 | 4372.50 |
| નેસલે ઇન્ડિયા | 0.91 | 1401.90 |
| શ્રીરામ ફાઇ. | 0.90 | 92.85 |
| પાવરગ્રીડ | 0.86 | 289.75 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 1.87 | 1437.25 |
| સન ફાર્મા | 1.39 | 1862.70 |
| ઇન્ફોસીસ | 1.29 | 1065.45 |
| રિલાયન્સ | 1.13 | 1324.20 |
| બીઇએલ | 0.90 | 431.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એશિયન પેઇન્ટસ | 2.15 | 2675.00 |
| ટાઇટન કંપની | 1.11 | 4374.00 |
| ટ્રેન્ટ | 0.93 | 3174.50 |
| આઇટીસી | 0.89 | 290.80 |
| પાવરગ્રીડ | 0.82 | 290.00 |

# ક્રૂડ ઓઈલ ઘટીને $60 થવાના એંધાણ

**ચીન** સહિત વૈશ્વિક સ્તરે માંગ ઘટતાં અને સપ્લાય લાઇન મજબૂત થતાં વૈશ્વિક બજાર પર દબાણ

મુંબઈ, તા. 22: ચીન દ્વારા પેટ્રોલ-ડિઝલમાં કાપ મુકવાની સાથે ઘણા દેશોએ પેટ્રોલ-ડિઝલના વપરાશ પર કાપ મુકવા માટે અપીલ-પગલા લીધા હોવાથી ક્રુડ ઓઈલની માગમાં ઘટાડો જોવા મળી રહ્યો છે, જેથી પુરવઠો વધી રહ્યો છે. આ સ્થિતિ ચાલુ રહેશે તો ક્રુડ ઓઈલના ભાવ 60 ડોલર પ્રતિ બેરલ પહોંચી શકે છે.

આ સંદર્ભમાં ક્રિસ્ટલ એનર્જીના ગ્લોબલ એડવાઈઝરના કહેવા અનુસાર ક્રુડનો વૈશ્વિક પુરવઠો માગ કરતા દરરોજ 10 મિલિયન બેરલ વધુ છે. આ વર્ષે ફેબ્રુઆરીના અંતમાં, મીડલ ઈસ્ટના તણાવ વધતા ક્રુડ ઓઈલના ભાવ આસમાને પહોંચ્યા હતા. અમેરિકા-ઈરાન ડીલના કારણે હવે ભાવ ઘટી રહ્યા છે.

યુએસ-ઈરાન સોદો અને ઉર્જા વેપારના પ્રવાહને સામાન્યકરણ કરવાથી પુરવઠો વધશે. બીજી તરફ, ક્રુડની માગમાં ધીમી વૃદ્ધિની અસર મધ્યમ ગાળામાં તેના ભાવ પર પડી શકે છે. એવું લાગે છે કે યુએસ-ઈરાન કરાર થઈ ગયો છે. જોકે, કેટલીક શરતો અંગે હજુય પણ વાટાઘાટો ચાલી રહી છે. પરંતુ વસ્તુઓ એક સપ્તાહ પહેલા કરતા વધુ સારી લાગે છે.

તેમણે કહ્યું કે, મીડલ ઈસ્ટમાં તણાવ ઝડપથી હોર્મુઝની ખાડી બંધ થયા પછી બજારની બદલાયેલી પરિસ્થિતિઓ સાથે સમયોજિત થયો. તેલ ઉત્પાદક દેશોએ સપ્લાય માટે પાઈપલાઈનનો વધુ ઉપયોગ કર્યો અને તેના વિકલ્પોનો ઉપયોગ કર્યો. રિફાઈનરીઓએ પુરવઠો જાળવવા માટે કામગીરીમાં પણ ફેરફાર કર્યા. આનાથી વૈશ્વિક ઉર્જા બજારમાં મજબૂતી જોવા મળી છે.

છેલ્લા પાંચ દશકામાં ક્રુડ ઓઈલ બિઝનેસમાં ફેરફાર જોવાયો છે. વૈશ્વિક અર્થતંત્રને હવે ઉત્પાદન માટે ઓછા ક્રુડની જરૂર છે. અગાઉની કટોકટીની તુલનામાં સપ્લાય કરવા માટે ઓછો આંચકો હતો. વિશ્વભરમાં ઈલે. વાહનોના વધતા ઉપયોગની અસર ક્રુડના ઓછા વપરાશવાળા વાહનોના આગમનને કારણે ક્રુડની માગ પર પણ પડી છે.

# નિફ્ટી જલદી 24500ની સપાટી વટાવશે

**રિલાયન્સ** અને અદાણી જૂથના શેરો આગેવાની લેશે

મુંબઈ, તા. 22: વૈશ્વિક ભૌગોલિક રાજકીય તણાવ ઘટવાના કારણે વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેરબજારમાં જોશ જોવા મળ્યો છે. ટ્રમ્પે હોર્મુઝ બંધ કરાશે તો ઈરાન પર હુમલાની ધમકી આપી હતી, પણ બાદમાં ઈરાન અને અમેરિકા 60 દિવસ સુધીમાં અંતિમ ડીલ પુરી કરશે તેવા અહેવાલથી બજારમાં ફરીથી તેજીનો માહોલ જોવા મળ્યો હતો. જેના લીધે ભારતીય શેરબજારમાં પણ સુધારાની ચાલ જોવા મળી હતી.

આ દરમ્યાન રિલાયન્સ ઈન્ડ.એ એજીએમમાં જિયો પ્લેટફોર્મના આઈપીઓની જાહેરાત કરી છે અને આ મેગા આઈપીઓની જાહેરાત બાદ આજે રિલાયન્સમાં કરન્ટ જોવાયો હતો. જેથી એવું માનવામાં આવી રહ્યું છે કે, રિલાયન્સ જે અગાઉ અંડરપર્ફોમ કરતું હતું, તેમાંથી બહાર નીકળીને આઉટપર્ફોમ કરશે, જે ઈન્ડેક્સમાં હેવીવેઈટ હોવાના કારણે નિફ્ટી પણ તેની પાછળ ઉછળશે. જે આગામી સપ્તાહ સુધીમાં નિફ્ટી 24500ની સપાટી કુદાવી દે તો નવાઈ નહીં. રિલાયન્સ જ નહીં, અદાણી જુથના શેરો પણ તેજી માટે થનગની રહ્યા છે અને લાંબા સમયથી નીચા ચાલી રહ્યા હતા, તેઓ એક લેવલ ઉપર આવી ચૂક્યા છે અને ટકી રહ્યા છે, જે નવી તેજીની ચાડી ખાઈ રહ્યા છે. આમ, આ બંને જુથ વેગ પકડશે તો બજારમાં તેજીનો દોર આગળ વધશે.

અમેરિકા અને ઈરાન વચ્ચેની હકારાત્મક વાટાઘાટો અને ક્રુડ ઓઈલના ભાવ 80 ડોલર પ્રતિ બેરલની નીચે સરકી જવાના કારણે બજારમાં સુધારાનો દોર ચાલી રહ્યો છે.

બીજી તરફ, આજે આઈટી શેરોમાં જે કડાકો બોલાયો હતો, તે રીકવર થવાની શરૂઆત કરી દીધી છે અને ક્રુડના ભાવ ઘટતા ઓઈલ એન્ડ ગેસ શેરોમાં તેજી જોવા મળી રહી છે. આ બંને ઈન્ડેક્સ એક-એક ટકા વધ્યા છે.

# વૈશ્વિક પડકારો વચ્ચે ભારતની નિકાસમાં શાનદાર ઉછાળો

**એપ્રિલથી** 14 જૂન દરમિયાન નિકાસમાં 15%ની શાનદાર વૃદ્ધિ

મુંબઈ, તા. 22: વૈશ્વિક અનિશ્ચિતતાઓ અને યુએસ દ્વારા લાદવામાં આવેલા 50 ટકા ટેરિફ છતાં, ભારતે એપ્રિલથી 14 જૂન દરમિયાન નિકાસમાં 15%ની શાનદાર વૃદ્ધિ હાંસલ કરી છે. વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે મુંબઈમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ સાથેની વાતચીતમાં આ માહિતી આપી હતી અને તેમને 'વિકસિત ભારત'ના નિર્માણમાં યોગદાન આપવા અપીલ કરી હતી.

મે મહિનામાં દેશની નિકાસ 18% વધીને 6 મહિનાની ઉચ્ચ સપાટીએ ($45.2 અબજ) પહોંચી હતી. ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-મે દરમિયાન કુલ નિકાસ 16.09% વધીને $88.91 અબજ થઈ છે, જ્યારે આયાત $145.35 અબજ નોંધાતા વેપાર ખાધ $56.44 અબજ રહી છે.

તાજેતરના આંકડા મુજબ, ભારતની કુલ નિકાસ (વેપાર અને સર્વિસ) $860.09 અબજ સુધી પહોંચી છે. યુએસ અને ચીન ભારતના ટોચના વેપારી ભાગીદારો રહ્યા છે.દેશમાંથી મુખ્યત્વે એન્જિનિયરિંગ, પેટ્રોલિયમ અને ફાર્માસ્યુટિકલ્સની નિકાસ થાય છે, જ્યારે ક્રૂડ ઓઈલ, સોનું અને ઈલેક્ટ્રોનિક ઘટકોની મુખ્ય આયાત કરવામાં આવે છે.

# એપલ પ્રોડક્ટ્સ મોંઘી થવાના એંધાણ: ટિમ કૂકનો સંકેત

**AI ક્રાંતિ** વચ્ચે મેમરી અને સ્ટોરેજ ચિપ્સની કિંમતો ચાર ગણી વધતાં એપલ ભાવવધારો કરવા મજબૂર

મુંબઈ, તા. 22: એપલના સીઈઓ ટિમ કૂકે જણાવ્યું છે કે મેમરી અને સ્ટોરેજ ચિપ્સના આકાશ આંબતા ખર્ચને પહોંચી વળવા કંપની ટૂંક સમયમાં મેક, આઈપેડ અને આઈફોનના ભાવ વધારી શકે છે. ગૂગલ, માઈક્રોસોફ્ટ અને મેટા જેવી મોટી ટેક કંપનીઓ દ્વારા AI સર્વર્સ માટે 'હાઈ-બેન્ડવિડ્થ મેમરી'ની માંગ વધારતાં 2025થી ચિપ્સની કિંમતો ચાર ગણી વધી ગઈ છે. ટિમ કૂકે આ અસાધારણ ભાવવધારાને સપ્લાય ચેઈનના ઈતિહાસમાં "સો વર્ષમાં એકવાર આવતા પૂર" સાથે સરખાવ્યો છે.

રિસર્ચ ફર્મના મતે, નફાનું માર્જિન જાળવવા માટે એપલ આગામી આઈફોન પ્રો મોડેલની કિંમતમાં આશરે $270 (આશરે 22,500) સુધીનો મોટો વધારો કરી શકે છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૭.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૦ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૭ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૮ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૧૦૦ ટેક્ષ | ૧૪૦ | ૬૮ ક્રિમ્પ | ૧૪૭ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૩.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

**જથ્થાબંધ ખાંડબજાર** — પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-30 | ૪૪૫૦ |
| એસ-30 | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |

**તેલ બજાર સુરત** — ૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**સોના-ચાંદી સુરત** — (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૧૬૬૦ |
| તેજાબી સોનું | ૧૫૧૫૭૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૪૦૮૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૮૬૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૧૬૬૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૪૫૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૬૦૦૦ |

**મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ** (Muthoot Homefin)

કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. 19-NE, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ નજીક, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર-400 028

**કબજા નોટિસ** (સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8(1) સાથે વંચાતા પરિશિષ્ટ IV મુજબ)

જેમ કે, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (2002નો 54) હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વંચાતી કલમ 13(12) હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ (MHIL) ના અગાઉ સહી કરનાર અધિકૃત અધિકારીએ અહીં નીચે દર્શાવેલા લોનધારક(કો)/જામીનદાર(કો)ને સદર નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલી રકમ ચૂકવવા માટે માંગણી નોટિસ(ઓ) જાહેર કરી હતી. લોનધારક રકમ પરત ચૂકવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી લોનધારક(કો)/સહ-લોનધારક(કો)/જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, સહી કરનારે સદરહુ કાયદાની કલમ 13(4) સાથે વંચાતા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલી મિલકતનો કબજો લીધો છે. ખાસ કરીને લોનધારકને અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના અહીં નીચે જણાવેલી રકમ અને તેના પરના વ્યાજના ચાર્જને આધીન રહેશે.
સુરક્ષિત મિલકતો છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, લોનધારકનું ધ્યાન કાયદાની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

| ક્રમ નં. | લોનધારક(કો)/ સહ-લોનધારક(કો)ના નામ/ લોન એકાઉન્ટ નં./શાખા | સુરક્ષિત અસ્કયામતોની ટૂંકી વિગત | માંગણી નોટિસની તારીખ અને કુલ બાકી નીકળતી રકમ (રૂ.) | કબજો લીધાની તારીખ |
|---|---|---|---|---|
| 1. | ચંદ્રભાન રામનારાયણ પાંડે / સંગીતા ચંદ્રભાન પાંડે / 004-00000466 / સુરત | બીજા માળ પર આવેલ ફ્લેટ નં. 202, જેનું માપ 511 ચોરસ ફીટ એટલે કે 44.49 ચોરસ મીટર સુપર બિલ્ટ અપ એરિયા અને 365 ચોરસ ફીટ એટલે કે 33.92 ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા છે, તેની સાથે "શ્રી પેલેસ ઓફ ખોડિયારનગર-1" ની જમીનમાં અવિભાજિત હિસ્સો, જે રેવન્યુ સર્વે નં. 411, બ્લોક નં. 13-B, પૈકી પ્લોટ નં. 12, 13, અને 14 જેનું માપ 157.17 ચોરસ મીટર છે, મોજે ગામ તાતીથૈયા, તા: પલસાણા, જિ: સુરત ખાતે આવેલ છે. સીમાઓ આ મુજબ છેઃ ઉત્તરે-ખુલ્લી જમીન, દક્ષિણે-ખુલ્લી જમીન, પૂર્વેઃ કામધેનુ રેસીડેન્સી, પશ્ચિમેઃ આંતરિક રોડ | 30-માર્ચ-2026 / રૂ. 5,43,330/- રૂપિયા પાંચ લાખ તેતાલીસ હજાર ત્રણસો ત્રીસ પૂરા. | 19-જૂન-2026 |
| 2. | રાજેશકુમાર મિથિલેશ પ્રસાદ / પ્રિયંકાકુમારી રાજેશકુમાર પ્રસાદ / 004-00405133 / સુરત | ફ્લેટ નં. 203 ની જગ્યા, જેનું માપ 596.36 ચોરસ ફીટ એટલે કે 55.42 ચોરસ મીટર સુપર બિલ્ટ અપ એરિયા, અને માપ 328 ચોરસ ફીટ એટલે કે 30.48 ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા છે, તેની સાથે ભોંય તળિયાની જમીનમાં પ્રમાણસર અવિભાજિત હિસ્સો જેનું માપ 9.14 ચોરસ મીટર છે, "બીજો માળ", "જલારામ રેસીડેન્સી", જે ગુજરાત રાજ્ય, જિલ્લાઃ સુરત, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકાઃ પલસાણા, મોજેઃ વરેલી ખાતે બિનખેતી (N.A.) જમીન પર વિકસાવવામાં આવેલ છે, જેનો બ્લોક/સર્વે નં. 88/3 છે જેનું માપ એકર 5-28 ગુંઠા છે, જે કુલ હેક્ટર-આરે 2-30-67 ચોરસ મીટર થાય છે, આકાર રૂ. 30.54 પૈસા, રહેણાંક હેતુ માટે, બિનખેતી (N.A.) જમીન પૈકી જે "વ્રજધામ સોસાયટી" પૈકી "દત્તકૃપા" તરીકે વિકસાવવામાં આવેલ છે, મંજૂર પ્લાન મુજબ પ્લોટ નં. 98, 99, અને 100 પૈકી, જેનું માપ પૂર્વ-પશ્ચિમ લંબાઈ 18.30 ચોરસ મીટર અને ઉત્તર-દક્ષિણ પહોળાઈ 9.40 ચોરસ મીટર છે, કુલ માપ 172.00 ચોરસ મીટર, પૈકી. મિલકતની ચાર સીમાઓ પૂર્વેઃ અડીને આવેલ પ્લોટ નં. 101, પશ્ચિમેઃ- અડીને આવેલ રોડ માર્જિન, ઉત્તરેઃ અડીને આવેલ રોડ માર્જિન, દક્ષિણેઃ- અડીને આવેલ પ્લોટ નં. 79, 80 | 30-માર્ચ-2026 / રૂ. 7,57,757/- રૂપિયા સાત લાખ સત્તાવન હજાર સાતસો સત્તાવન પૂરા. | 19-જૂન-2026 |
| 3. | અખિલેશકુમાર રાધેશ્યામ પ્રસાદ / લાલ્તીદેવી રાધેશ્યામ પ્રસાદ / 004-00406981 અને 004-00403265 / સુરત | ચોથા માળ પર આવેલ ફ્લેટ નં. 409 વાળી સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સો, જેનું માપ 441.40 ચોરસ ફીટ સુપર બિલ્ટ અપ એરિયા, અને 360.71 ચોરસ ફીટ એટલે કે 33.51 ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા છે, તેની સાથે "ગોવિંદજીપાર્ક સોસાયટીના માધવ વિલા" ની જમીનમાં અવિભાજિત હિસ્સો, જે રેવન્યુ સર્વે નં. 94, બ્લોક નં. 123 પૈકી પ્લોટ નં. 1, 2, 3 જેનું માપ 441.40 ચોરસ મીટર છે, મોજે ગામ બેગુમરા, તાઃ પલસાણા, જિઃ સુરત ખાતે આવેલ છે. પૂર્વેઃ અડીને આવેલ રોડ, પશ્ચિમેઃ અડીને આવેલ સોસાયટી રોડ, ઉત્તરેઃ અડીને આવેલ પ્લોટ નં. 4, દક્ષિણેઃ અડીને આવેલ બ્લોક નં. માર્ગીગ પ્લેસ | 30-માર્ચ-2026 / રૂ. 43,446/- અને રૂ. 5,32,615/- રૂપિયા ત્રેતાલીસ હજાર ચારસો છેતાલીસ પૂરા અને રૂપિયા પાંચ લાખ બત્રીસ હજાર છસો પંદર પૂરા. | 19-જૂન-2026 |
| 4. | સુનિલ સાહેબરાવ પાટીલ / માલુબાઈ સાહેબરાવ પાટીલ / 004-00404273 / સુરત | પહેલા માળ પર આવેલ ફ્લેટ નં. B-109 વાળી સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સો, જેનું માપ 540 ચોરસ ફીટ સુપર બિલ્ટ અપ એરિયા અને 297 ચોરસ ફીટ એટલે કે 27.60 બિલ્ટ અપ એરિયા છે, તેની સાથે "હરિકૃષ્ણ પેલેસ, બિલ્ડિંગ-B" માં રોડ અને COP ની જમીનમાં 2.53 ચોરસ મીટર અવિભાજિત હિસ્સો, જે રેવન્યુ સર્વે નં. 102/1, 102/2, બ્લોક નં. 104, 105 પૈકી "શિવમ રેસીડેન્સી", પૈકી પ્લોટ નં. 34 થી 36, મોજે ગામ કડોદરા, તાઃ પલસાણા, જિઃ સુરત ખાતે આવેલ છે. મિલકતની ચાર સીમાઓ પૂર્વેઃ અડીને આવેલ બિલ્ડિંગ, પશ્ચિમેઃ- રોડ, દક્ષિણેઃ અડીને આવેલ બિલ્ડિંગ, ઉત્તરેઃ આંતરિક રોડ | 30-માર્ચ-2026 / રૂ. 3,55,952/- રૂપિયા ત્રણ લાખ પંચાવન હજાર નવસો બાવન પૂરા. | 19-જૂન-2026 |
| 5. | લખીચંદ ભિલાજીરાવ પાટીલ / સંગીતા લખીચંદ પાટીલ / 004-00405151 / સુરત | સ્થાવર મિલકત, ફ્લેટ નં. 107ની જગ્યા જેનું માપ 27.59 ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા, માપ 272 ચોરસ ફીટ કાર્પેટ એરિયા, અને માપ 495 ચોરસ ફીટ સુપર બિલ્ટ અપ એરિયા છે, તેની સાથે ભોંય તળિયાની જમીનમાં પ્રમાણસર અવિભાજિત હિસ્સો, "પ્રથમ માળ", "શિવાય રેસીડેન્સી", જે ગુજરાત રાજ્ય, જિલ્લાઃ સુરત, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકાઃ પલસાણા, મોજેઃ ગામ તાતીથૈયા ખાતે આવેલી જમીન પર વિકસાવવામાં આવેલ છે, જેનો બ્લોક નં. 200/A, રેવન્યુ સર્વે નં. 272 પૈકી છે, જેનું માપ 24,615 ચોરસ મીટર છે, આકાર રૂ. 29.44 પૈસા, પ્લોટ્સ પૈકી પ્લોટ નં. 291 થી 295 જેનું માપ 273.10 ચોરસ મીટર છે, બિનખેતી (N.A.) જમીન પૈકી, મિલકતની ચાર સીમાઓ પૂર્વેઃ ખુલ્લી જમીન, પશ્ચિમેઃ- અડીને આવેલ સોસાયટી રોડ, ઉત્તરેઃ અડીને આવેલ બ્લોક નં. 202, 203, દક્ષિણેઃ- અડીને આવેલ સોસાયટી રોડ | 30-માર્ચ-2026 / રૂ. 4,69,983/- રૂપિયા ચાર લાખ ઓગણસિત્તેર હજાર નવસો ત્યાસી પૂરા. | 19-જૂન-2026 |
| 6. | દિનકર રતન સરકાતે / સુરેખા દિનકર સરકાતે / 004-00402829 / સુરત | ફ્લેટ નં.: 101 ધરાવતી મિલકતનો તમામ ભાગ અને હિસ્સો, જેનું માપ પ્રથમ માળ પર આશરે 288.00 ચોરસ ફીટ એટલે કે 26.76 ચોરસ મીટર છે, તેની સાથે "સાઈ આશીર્વાદ પેલેસ" તરીકે ઓળખાતી ઇમારત હેઠળની જમીનમાં અવિભાજિત પ્રમાણસર હિસ્સો, જે ગામ બેગુમરા, સબ-ડિસ્ટ્રિક્ટઃ પલસાણા, જિ.: સુરતની રેવન્યુ સર્વે નં.: 93/1, બ્લોક નં.: 121 ધરાવતી જમીનની "સાઈદર્શન રેસીડેન્સી" ના પ્લોટ નં.: 258 અને 259 પર બાંધવામાં આવેલ અને આવેલ છે. પૂર્વેઃ અડીને આવેલ પ્લોટ નં. 273, 274, 275, પશ્ચિમેઃ અડીને આવેલ સોસાયટી રોડ, ઉત્તરેઃ અડીને આવેલ પ્લોટ નં. 257, દક્ષિણેઃ અડીને આવેલ પ્લોટ નં. 260 | 30-માર્ચ-2026 / રૂ. 4,73,050/- રૂપિયા ચાર લાખ તોતેર હજાર પચાસ પૂરા. | 19-જૂન-2026 |
| 7. | હરીપદ સનાતન બિસ્વાસ / ભગવતી હરીપદ બિસ્વાસ / 004-00404416 / સુરત | પાંચમા માળ પર આવેલ ફ્લેટ નં. 502 વાળી સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સો, જેનું માપ 545.56 ચોરસ ફીટ સુપર બિલ્ટ અપ એરિયા, અને 300.06 ચોરસ ફીટ એટલે કે 27.89 ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા છે, તેની સાથે "આરાધના લેક ટાઉન પાર્ટ-2 ના રાધે રેસીડેન્સી" માં રોડ અને C.O.P. ની જમીનમાં 8.37 ચોરસ મીટર અવિભાજિત હિસ્સો, જે બ્લોક નં. 3, 4, 5, 6, 7, 8, 9, 10, 12, 19, 362, અને નવા બ્લોક નં. 3 જેનું કુલ માપ 53,988 ચોરસ મીટર છે, પૈકી પ્લોટ નં. 760 (KJP બ્લોક નં. 3/760 મુજબ જેનું માપ 398.91 ચોરસ મીટર છે), મોજે જોલવા, તાઃ પલસાણા, જિ. સુરત ખાતે આવેલ છે, જેની ઉત્તરેઃ સોસાયટીની હદ, દક્ષિણે-સોસાયટીનો આંતરિક રોડ, પૂર્વેઃ સોસાયટીની હદ, પશ્ચિમેઃ- સોસાયટીનો આંતરિક રોડ | 30-માર્ચ-2026 / રૂ. 5,40,034/- રૂપિયા પાંચ લાખ ચાલીસ હજાર ચોંત્રીસ પૂરા. | 19-જૂન-2026 |
| 8. | નીતિનભાઈ ભીલાભાઈ પેંઢારે / જ્યોતિ નીતિન પેંઢારે / 004-00404747 / સુરત | ફ્લેટ નં-205, માપ ક્ષેત્રફળ 62.43 ચોરસ મીટર, બીજો માળ, હરીવિલા-2, બિલ્ડિંગ નંઃ C-2, સાઈ વાટિકા-2, સર્વોત્તમ હોટેલની સામે, સુરત બારડોલી હાઇવેની બાજુમાં, બેગુમરા, પલસાણા, સુરત. સીમાઓ આ મુજબ છેઃ ઉત્તરેઃ સોસાયટી રોડ, દક્ષિણેઃ B વિંગ, પૂર્વેઃ સોસાયટી રોડ, પશ્ચિમેઃ સોસાયટી રોડ | 30-માર્ચ-2026 / રૂ. 6,80,020/- રૂપિયા છ લાખ એંસી હજાર વીસ પૂરા. | 19-જૂન-2026 |
| 9. | વિજયભાઈ પ્રવિણભાઈ સિદ્ધપુરા / નયનાબેન વિજયભાઈ સિદ્ધપુરા / 004-00000780 / સુરત | ફ્લેટ નં. 102 ની જગ્યા જેનું માપ 733 ચોરસ ફીટ સુપર બિલ્ટ અપ એરિયા, 484 ચોરસ ફીટ એટલે કે 44.98 ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા છે, તેની સાથે ભોંય તળિયાની જમીનમાં પ્રમાણસર અવિભાજિત હિસ્સો જેનું માપ 10.46 ચોરસ મીટર છે, "પ્રથમ રેસીડેન્સી", જે ગુજરાત રાજ્ય, જિલ્લાઃ કામરેજ, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકાઃ કામરેજ, મોજેઃ કામરેજ ખાતે આવેલી જમીન પર વિકસાવવામાં આવેલ છે, જેનો બ્લોક નં. 357 પૈકી 2 છે જેનું માપ 9,510.00 ચોરસ મીટર છે, જે સીમંધર નગર પૈકી પ્લોટ નં. A-43, B-43, 44-A, 44-B, 45-A તરીકે ઓળખાય છે (મંજૂર પ્લાન મુજબ પ્લોટ નં. 43, 44, 45) જેનું કુલ માપ 292.53 ચોરસ મીટર છે, રહેણાંક બિનખેતી (N.A.) જમીન પૈકી, મિલકતની ચાર સીમાઓ પૂર્વેઃ અંબર રેસીડેન્સી, પશ્ચિમેઃ- અડીને આવેલ રોડ, ઉત્તરેઃ સજાવટ રેસીડેન્સી, દક્ષિણેઃ સજાવટ રેસીડેન્સીઃ ખુલ્લો પ્લોટ મિલકત | 30-માર્ચ-2026 / રૂ. 8,60,111/- રૂપિયા આઠ લાખ સાઠ હજાર એકસો અગિયાર પૂરા. | 19-જૂન-2026 |

તારીખ: 23 જૂન, 2026,
સ્થળ: સુરત

સહી/- અધિકૃત અધિકારી,
મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

# ભારત-EU વેપાર કરાર: ડિસેમ્બર સુધીમાં મહોર

**ફેબ્રુઆરી**-માર્ચ 2027 સુધીમાં અમલની શક્યતા; ભારતની 93% નિકાસને મળશે ડ્યુટી ફ્રી એક્સેસ

નવી દિલ્હી, તા. 22: ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે લાંબા સમયથી પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર પર ડિસેમ્બર 2026 સુધીમાં હસ્તાક્ષર થવાની સંભાવના છે અને ફેબ્રુઆરી-માર્ચ 2027 સુધીમાં અમલમાં આવી શકે છે. મુંબઈમાં એક કાર્યક્રમમાં સંબોધતા કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે કહ્યું કે આ કરારથી ભારતીય ઉત્પાદનોને યુરોપિયન બજારમાં વ્યાપક પ્રવેશ મળશે અને ઘણી વસ્તુઓ પર ડ્યુટીમાં ઘટાડાથી ભારતીય નિકાસને મોટો ફાયદો થશે. લગભગ શૂન્ય ટેરિફ સાથે, લગભગ આખું યુરોપિયન બજાર અમારા માટે ખુલશે. ઈયુ સાથેના એફટીએ પર ડિસેમ્બર સુધીમાં હસ્તાક્ષર કરવામાં આવશે અને ફેબ્રુઆરી-માર્ચ સુધીમાં અમલમાં આવશે.

# AMFI સ્ટોક વર્ગીકરણ: જાણીતી કંપનીઓના સેગમેન્ટ બદલાશે

**વોડાફોન** આઈડિયા અને BSE લાર્જકેપમાં આવી શકે, લોઢા અને ઈન્ડિયન હોટેલ્સ મિડકેપમાં સરકે તેવી શક્યતા

મુંબઈ, તા. 22: મ્યુચ્યુઅલ ફંડ બોડી એમ્ફી નિયમિતપણે કંપનીઓને તેમના કદ અનુસાર વર્ગીકૃત કરે છે. હવે આગામી અર્ધવાર્ષિક સ્ટોક કેટેગરાઈઝેશનમાં એમ્ફીના આ પ્રયાસથી નાણાકીય સમસ્યાઓને દુર કરવાનો પ્રયાસ કરી રહેલા બીએસઈ અને વોડાફોન આઈડિયા લાર્જકેપમાં આવી શકે છે. નુવામા ઓલ્ટરનેટિવ અને ક્વોન્ટિટેટિવ રિસર્ચના એક રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. રિપોર્ટમાં એવી પણ ગણતરી કરવામાં આવી શકે છે કે લોઢા ડેવલપર્સ અને ઈન્ડિયન હોટલ્સ કંપની મિડકેપ સેગમેન્ટમાં આવી શકે છે. નુવામાના રિપોર્ટ અનુસાર 2026ની એમ્ફીના બીજા છ મહિનામાં બીએસઈ, વોડાફોન આઈડિયા, હિટાચી એનર્જી, જિન્દાલ સ્ટીલ, ઈન્ડિયન બેન્ક, ઈન્ડસ ટાવર અને બિલિયન બ્રેઈન્સ ગેરેજ વેન્ચર્સ એટલે કે ગ્રો જેવી કંપનીઓને લાર્જકેપ કેટેગરીમાં મુકી શકાય છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

એ.આર. એસ્ટેટ એજન્સી
દુકાન, મકાન, ફ્લેટ, બંગલા
ઓફીસ, ફાર્મહાઉસ, પ્લોટ, ઇન્ડસ્ટ્રીયલ
જમીન લે-વેચ ભાડા માટે
ખાસ આરજા મારજા માટે મળો
99049 97474

પ્લોટ વેચવાના છે
વડોદરા આજવા રોડ
સાકરિયા ગોદરેજ પહેલા
12000 પ્લોટ 1.50 Cr NA
25000 પ્લોટ 2.80 Cr
M. 9537090962

U G- 26, દુકાન
વેચાણથી આકાશ બિઝનેશ સેન્ટર પીપલોદ 9033160362

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

ઘરબેઠા TV, LCD
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામિની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

ઘરબેઠા રીપેરીંગ
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049, 7859985601

નોકરી વિષયક

જોઈએ છે
ડેટા એન્ટ્રી માટે લેડીઝ, માર્કેટીંગ સ્ટાફ, અનુભવી એકાઉન્ટન્ટ, હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ. 9687580001

સ્ટીલ ફેબ્રિકેશન
કામને લગતા તમામ કારીગરોની જરૂરિયાત છે. હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ Mo. 8488883099

જોઈએ છે
એમેઝોન, ફ્લીપકાર્ટ સંભાળી શકે તેવો અનુભવી સ્ટાફ (લેડીઝ) અડાજણ. 909-909-0770

ટેલી કોલિંગ કરી
શકે તેવી છોકરીઓ જોઈએ છે. Mo. No. 9974252925

પીપોદરામાં જોઈએ
છે. (1) પતરા બનાવવાની ફેક્ટરી માટે (રૂફીંગસીટ) મશીન ઓપરેટર- 1 (2) હેલ્પર- 2, મળો- સ્ટીલ ટ્રેડીંગ કંપની, ઉધના ચારરસ્તા, ક્રિષ્ણા પેટ્રોલપંપની બાજુમાં, ઉધના, સુરત. Mobile- 8401027456, 9664953830

મિલ્કત વેચવાની છે

પ્લોટ વેચવાનો છે
સ્વાતિ સોસાયટી વિભાગ- 3, નાના વરાછા. મો. 9687580001

વેચવાની છે
જમીન સોલાર લાયક (93 વિઘા) ગામ કાળા વ્યારા કણજા 9687580001

ફ્લેટ વેચવાનો છે
2 BHK વિમલનાથ દેરાસર પાસે, સોનીફળીયા. MO: 9722805111

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

જૂના જાણીતા
રાજુમોદી. દિવાળી ફેમિલી ટૂર બુકિંગ શરૂ. કેરેલા, કાશ્મીર, હિમાલય, સિક્કિમ- દાર્જિલિંગ, આંદામાન- નિકોબાર, આસામ- મેઘાલય- અરુણાચલ, સ્ટાર હોટલ, બ્રેકફાસ્ટ, ડિનર, વરદાન ટ્રાવેલ્સ 9374512979 (ફ્લાઈટ- ટ્રેન માટે આજેજ બુકિંગ કરાવો) (170)

મહાદેવ ટૂર
એન્ડ ટ્રાવેલ્સ સાપુતારા, પદમડુંગરી, વાંગણ/ માયાદેવી ધોધ, સ્ટેચ્યુ ઓફ યુનિટી. (ત્ર્યંબકેશ્વર, ધૃષ્ણેશ્વર, ભીમાશંકર) અજય- 7802062340, 8238872861 (171)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.